RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૩૯ તા.૩૧–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમણભાઈ છોટુભાઈ રાઠોડ
સામાવાળ :– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમણભાઈ છોટુભાઈ રાઠોડની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમારા હળપતિ વાસના મકાનો ટી.પી.૨૫ ના એફ.પી.પ્લોટ નં.૩૭/બી અને મુળ ખંડ ૧૪ની જગ્યાનું ક્ષેત્રફળ–૧૬૧૯ ચો.મી. છે જેનું ફા.પ્લોટ થતાં ૧૪૨૨ ચો.મી.ક્ષેત્રફળ રહે છે જેમાં અમો ઘણાં સમયથી રહીએ છીએ તો આ જગ્યા ફા.પ્લોટની બ્રાઉન્ડ્રીમાં આવી છે કે કેમ ? તેની ખાતરી કરવી જરૂરી છે તો યોગ્ય કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૩૯/૨૦૧૧–૧૨

શ્રી રમણભાઈ છોટુભાઈ રાઠોડની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમારા હળપતિ વાસના મકાનો ટી.પી.૨૫ના એફ.પી.પ્લોટ નં.૩૭/બી અને મુળ ખંડ ૧૪ની જગ્યાનું ક્ષેત્રફળ–૧૬૧૯ ચો.મી. છે જેનું ફા.પ્લોટ થતાં ૧ ૪૨૨ ચો.મી.ક્ષેત્રફળ રહે છે જેમાં અમો ઘણાં સમયથી રહીએ છીએ તો આ જગ્યા ફા.પ્લોટની બ્રાઉન્ડ્રીમાં આવી છે કે કેમ ? તેની ખાતરી કરવી જરૂરી છે તો યોગ્ય કાર્યવાહી કરવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ના પત્ર નં. એન.ઝેડ/ આરટીઆઈ / જાવક / ૬૫૦૨ તા.૨૮–૧૨–૧૧થી ગોળ ગોળ જવાબ આપેલ છે, વ્યવસ્થિત જવાબની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૪૭૮ તા.૧૩–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના વ્યવસ્થિત જવાબ નથી અંગે મળેલ પ્રત્યુત્તરની નકલ સહ નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી. જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ) તરફથી પત્ર નં.ડીએનજી/આ./૬૧ તા.૧૪–૨–૧૨ થી પત્ર નં.ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૫૯ તા.૧–૨–૧૨ થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ/૫૯ તા.૧–૨–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૩૧–૧–૧૨ ના પત્રથી પત્ર નં. નોર્થઝોન/આ./૭૩૩૩ તા.૨૩–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર કતારગામ ના પત્ર નં.એન.ઝેડ /આરટીઆઈ/જાવક/૬૫૦૨ તા.૨૮–૧૨–૧૧ થી ડ્રેનેજ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, કમિશનરશ્રીને તા.૧–૨–૧૦ થી કોર્પોરેટરશ્રીએ કરેલ રજુઆતની નકલ, ટી.પી.સ્કીમ ૨૫ ના નકશાની નકલ, તા.૧૩–૨–૧૨ ના પત્રથી મ. જાહેર માહિતી અધિકારી નગર નિયોજકના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/ ૫૬૯ તા.૭–૨–૧૨ થી કતારગામ ઝોનને મુદ્દા નં.૧ બાબતે તબદીલ કરેલ પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૩–૧૨–૧૧ ની બાબત હેઠળની માહિતી માંગતી કતારગામ ઝોન તથા ડ્રેનેજ વિભાગને લગતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે અંગે કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૬૫૦૨ તા.૨૮–૧૨–૧૧ થી ડ્રેનેજ વિભાગને સમય મર્યાદાબાદ તબદીલ કરવામાં આવેલ. ડ્રેનેજ વિભાગના પત્ર નં.ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૫૯ તા.૧–૨–૧૨ થી ટાઉન પ્લાનીંગ વિભાગને અઘટિત વિલંબથી તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનીંગ વિભાગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/ ૫૬૯ તા.૭–૨–૧૨ થી કતારગામ ઝોનને મુદ્દા નં.૧ બાબતે અઘટિત વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં. નોર્થઝોન/આ./૭૩૩૩ તા.૨૩–૧–૧૨ થી અરજદારને સમય મર્યાદા બાદ માહિતી પુરી પાડવામાં આવેલ. તથા જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગના પત્ર નં.ડીએનજી/ આરટીઆઈ/આ/૫૯ તા.૧–૨–૧૨ થી અરજદારને સમય મર્યાદા બાદ માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ અમારા હળપતિ વાસના મકાનો ટી.પી.૨૫ ના એફ.પી.પ્લોટ નં.૩૭/બી ને મુળ ખંડ ૧૪ની જગ્યાનું ક્ષેત્રફળ–૧૬૧૯ ચો.મી. છે જેનું ફા.પ્લોટ થતાં ૧૪૨૨ ચો.મી.ક્ષેત્રફળ રહે છે જેમાં અમો ઘણાં સમયથી રહીએ છીએ તો આ જગ્યા ફા.પ્લોટની બ્રાઉન્ડ્રીમાં આવી છે કે કેમ ? તેની ખાતરી કરવી જરૂરી છે તો યોગ્ય કાર્યવાહી કરવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી કતારગામ ઝોન કક્ષાએ ઉપલબ્ધ રેકર્ડ મુજબ ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૫ (સીંગણપોર–ટુંકી) ના મુળખંડ નં.૧૪ રે.સ.નં.૩૭/બી માં ફાળવવામાં આવેલ ફા.પ્લોટમાં હળપતિવાસના મકાનોનો સમાવેશ થાય છે. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૨) અમારા માલિકી પ્લોટ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જે એફ.પી.૩૭/એ/પી/ ને લાગુ એફ.પી.૩૭/બી છે જેની ફરતે પાકી દિવાલ કેમ બનાવવામાં આવેલ નથી અન્ય સુએઝ પ્લાન્ટની પાકી દિવાલ બનાવેલ છે તો આટલી કેમ બાકી છે? સુએઝ પ્લાન્ટમાં અન્ય લોકો પ્રવેશ ન કરે તથા ખોટા દબાણો ન થાય તેમજ પ્લાન્ટના રક્ષણ માટે આ અધુરી દિવાલ કરવી જરૂરી છે કે કેમ? આ દિવાલ બાકી રાખવાનું કારણ શું ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી આરટીઆઈ એક્ટ–૨૦૦૫ હેઠળના નિમયોનુસાર ફકત રેકર્ડ આધારીત માંગેલ માહિતી આપવાની રહેતી હોય, માંગેલ માહિતી ઉપલબ્ધ જણાતી નથી. તેવુ જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગ તરફથી ટી.પી.૨૫ એફ.પી. ૩૭/એ/પી ને લાગુ એફ.પી. ૩૭/બી આવા કોઈ પ્લોટનો કબ્જો સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને મળેલ ન હોય સદર ફા.પ્લોટને ફરતે ડ્રેનેજ કક્ષાએથી દિવાલ બનાવવાનો પ્રશ્ન અસ્થાને છે. તેવુ જણાવેલ.

અરજદારે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ના પત્ર નં. એન.ઝેડ/ આરટીઆઈ / જાવક / ૬૫૦૨ તા.૨૮–૧૨–૧૧થી ગોળ ગોળ જવાબ આપેલ છે, વ્યવસ્થિત જવાબની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે ફાયનલ પ્લોટ નં.૩૭/બીની બાઉન્ડ્રીમાં હળપતિ વાસ આવેલ છે તે લાલ બાઉન્ડ્રીમાં છે તેની ખાત્રી કરી આપવા. હળપતિ આવાસો બાઉન્ડ્રીમાં હોય તો તે ધ્યાને લઈ ગરીબ લોકોને રક્ષણ મળે તે માટે દિવાલ બનાવવા માટે જણાવેલ.

અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૭૮ તા.૧૩–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારીના વ્યવસ્થિત જવાબ નથી અંગે મળેલ પ્રત્યુત્તરની નકલ સહ નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૩૧–૧–૧૨ ના પત્રથી પ્લોટ નં.૧૪ વાળી મિલકત જે ટી.પી.૨૫ ના રે.સ.નં.૩૭/બી વાળા પ્લોટની જમીનને લાગુ વારંવાર રજુઆત કરવા છતાં ૧૪ વર્ષથી દિવાલ બનાવવામાં આવેલ નથી. જે અંગે માહિતી માંગતા ઝોનલ અધિકારી જણાવે છે કે આમારા કાર્યક્ષેત્રમાં આવતુ નથી. તેવુ જણાવેલ.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૩–૧૨–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશુ કરવાનુ રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

અરજદાર તકરાર નિવારણને લગતી કે કાર્યવાહીને લગતી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમણભાઈ છોટુભાઈ રાઠોડ,